## આવતીકાલનો ઉજાસ



સિપ્રા એન્જીનિયર
ધોરણ-૧૦
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ

ભણતરની સાથે ગણતરમાં પણ હંમેશા અગ્ર સ્થાન ધરાવતી સિપ્રા નમ્ર, વિવેકી અને શાંત વિદ્યાર્થીની છે.

સ્કૂલને સિદ્ધિ અપાવનારી આ વિદ્યાર્થીનીએ ભરતનાટ્યમ્‌માં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરી છે તેમજ ખેલ મહાકુંભમાં બાસ્કેટ બૉલની સ્પર્ધામાં ઉચ્ચ દેખાવ કરી પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે.



શૅરોન ઝેવિયર
ધોરણ-૧૦
સેન્ટ ઝેવિયર્સ સ્કૂલ

આજની આદર્શ વિદ્યાર્થીની એવી શૅરોન કૉમ્પ્યુટરમાં વિશેષ રસ ધરાવે છે અને અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રસ દાખવે છે.

આ તેજસ્વી વિદ્યાર્થીનીએ ભરતનાટ્યમ્‌માં સ્નાતકની પદવી મેળવેલ છે. ઉપરાંત ખેલ મહાકુંભમાં બાસ્કેટ બૉલમાં સુંદર પ્રદર્શન કરી પુરસ્કાર પ્રાપ્ત કર્યો છે અને પોતાની સિદ્ધિથી પોતાની શાળાને ગૌરવ અપાવ્યું છે.

# ૭૦૦ શિબિરાર્થીઓ, ૧૫ નિષ્ણાતો, ૧ શિબિર
# લલિતકલા ઍકેડેમીમાં વૅકેશનનો માહોલ



તસવીર : કમલેશ શાહ

ગાંધીનગર, તા. ૨૧

'અમારે ત્યાં વૅકેશન દરમ્યાન યોજાતી વિવિધ વિષયોની શિબિરમાં ૭૦૦ જેટલા તાલીમાર્થીઓ ભાગ લે છે અને શિબિરના અંતે અમે એમને સ્ટેજ પર પરફોર્મન્સ કરવાની તક પણ પૂરી પાડીએ છીએ.' આ શબ્દો છે લલિતકલા ઍકેડેમીનાં પ્રિન્સીપાલ દિનાબેન ડોડિયાના.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત લલિતકલા ઍકેડેમી ૧૯૯૯થી મંડળના સૅક્ટર-૨૩ ખાતેના કેમ્પસ ખાતે કાર્યરત છે. અહીં વિવિધ લલિતકલાઓ ઉપરાંત સ્પૉર્ટ્સની તાલીમ પણ તાલીમાર્થીઓને વર્ષભર આપવામાં આવે છે. પરંતુ જે તાલીમાર્થીઓ વર્ષ દરમ્યાન આવી તાલીમ ન મેળવી શકે એમના માટે વૅકેશનના સમયમાં પણ તાલીમની તક ઊભી કરવા માટે ૨૦૦૧થી ઉનાળુ શિબિરનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

આ વર્ષે પણ તા. ૧૬ એપ્રિલથી શિબિરનો પ્રારંભ થઈ ગયો છે, જે એક માસ સુધી ચાલશે. એ પછી બીજા શિબિરનો આરંભ થશે, જે પણ એક માસ ચાલશે. બંને શિબિરો પૂર્ણ થયા બાદ સઘળા તાલીમાર્થીઓને સ્ટેજ ઉપર પરફૉર્મન્સ બતાવવાની તક પણ પૂરી પાડવામાં આવશે.

૧૫ જેટલા ઍક્સપર્ટની ટીમ વિવિધ રમતો-કલાઓની તાલીમ આપવા પ્રયત્નશીલ છે. કરાટેની તાલીમ સેન્સેઈ શૈલાકુમાર, સ્કેટીંગ વસીમ મનસૂરી, પુલકિત બડવાલ, ટેબલ ટેનીસ, ચૅસ, ફૂટબૉલ વિપુલ પરમાર, ભરતનાટ્યમ્ શકુંતલા ઓઝા, કથ્થક કિંજલબેન પટેલ અને દિનાબેન ડોડિયા, વેસ્ટર્ન ડાન્સ દિવ્યકાન્ત વર્મા, ફોક ડાન્સ કોમલ ઝાલા, નાટક કુંતલ નિમાવત, કેલિગ્રાફી અને પેઈન્ટીંગ જયશ્રી પટેલ, શાસ્ત્રીય ગાયન-વાદન સૌરભ પટેલ, બ્યુટી પાર્લર પારૂલબેન ઉપાધ્યાય, સ્પોકન ઈંગ્લિશ અનિતાબેન વસીતા અને યોગાની તાલીમ હેમચંદ્ર થોરાત આપી રહ્યા છે.

તાલીમાર્થીઓને સપ્તાહમાં ત્રણ દિવસ એક કલાકના ધોરણે તાલીમ આપવામાં આવે છે. અને ૭ વર્ષના બાળકથી માંડીને કોઈપણ વયના તાલીમાર્થીઓ આ શિબિરોમાં ભાગ લઈ શકે એવી વ્યવસ્થા છે. એ કારણે શિબિરમાં નાનાં બાળકોની સંખ્યા છે તો યુવક-યુવતિઓની સંખ્યા પણ છે. સૌ કલાસાધકો એકસાથે કલાની તાલીમ લઈ રહ્યા છે અને પોતાના કલા કૌશલના વિકાસ માટે સમૂહ પ્રયત્ન કરી રહ્યા છે.

## ૨૦૧૧ના દર્શક ઍવૉર્ડ માટે ગુણવંત શાહ અને ડૉ. કનુભાઈ કલસરિયાની પસંદગી

ગાંધીનગર, તા. ૨૧

શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશનના ટ્રસ્ટી રઘુવીર ચૌધરી અને પ્રકાશ શાહે મંડળ સાથે રહી નિષ્ણાંતોની ભલામણ મેળવી વર્ષ ૨૦૧૧ના દર્શક એવોર્ડ માટે સાહિત્યક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર લેખક-પત્રકાર ગુણવંતભાઈ શાહ અને ગ્રામ પુનરુત્થાન માટે ડૉ. કનુભાઈ કલસરિયાની પસંદગી કરી છે. ટ્રસ્ટના અધ્યક્ષ બળવંતભાઈ પારેખ અને



દેશના વરિષ્ઠ કર્મશીલ સારસ્વતોની હાજરીમાં જૂન માસમાં દર્શક એવોર્ડ ૨૦૧૧ સન્માન સમારંભ યોજાશે.

## ધો. ૧૧માં ભૌતિકશાસ્ત્રનું પેપર સરળ
### જિલ્લામાં ૫૮૩૩ પૈકી ૨૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા

ગાંધીનગર, તા. ૨૧

ધો. ૧૧ વિજ્ઞાન પ્રવાહમાં દ્વીતીય સેમિસ્ટરની પરીક્ષામાં આજે વિદ્યાર્થીઓએ ભૌતિક વિજ્ઞાન વિષયની કસોટી આપી હતી. ફીઝીક્સનું પ્રશ્નપત્ર અત્યંત સરળ અને પાઠ્યપુસ્તકલક્ષી હોવાથી વિદ્યાર્થીઓએ સમયસર પરીક્ષા પૂર્ણ કરી હળવાફૂલ થયા હતા.

દ્વીતીય સેમિસ્ટરની પરીક્ષામાં જિલ્લાના ૫૮૦૪ વિદ્યાર્થીઓએ આજે ભૌતિક વિજ્ઞાનની પરીક્ષા આપી હતી. જ્યારે ૨૯ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા. ભૌતિક વિજ્ઞાનનું પ્રશ્નપત્ર અત્યંત સરળ નિકળતા વિદ્યાર્થીઓ ચિંતામુક્ત બન્યા હતા.

આ અંગે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના વિષયનિષ્ણાત બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે પ્રશ્નપત્ર એકંદરે સાવ સરળ છે. એકાદ એમ.સી.ક્યુ.ના પ્રશ્ન તેમજ દાખલાઓ આંકડા બદલીને પૂછવામાં આવ્યા છે. પરંતુ પ્રશ્નપત્ર સરળ અને બેલેન્સ હોવાથી વિદ્યાર્થીઓ માટે સમયનો પ્રશ્ન પણ ઉદ્‌ભવ્યો ન હતો. પાઠ્યપુસ્તક આધારિત અને ઈઝી પેપર નીકળતા વિદ્યાર્થીઓનો ભાર પણ હળવો થયો હતો. પરીક્ષામાં કુલ ૫૮૩૩ પૈકી ૫૮૦૪ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા જ્યારે જિલ્લામાં કોપીકેસ કે ગેરરીતીનો એક પણ બનાવ બનવા પામ્યો નથી.

# વિદ્યાર્થીઓને વાજબી કિંમતે પુસ્તકો પુરાં પાડવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યના વિદ્યાર્થીઓને વાજબી કિંમતે પાઠ્યપુસ્તકો પૂરા પાડવા માટે રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે એમ શિક્ષણંત્રી શ્રી રમણલાલ વોરાએ જણાવ્યું છે.

મંત્રીશ્રી વોરાએ ઉમેર્યું કે, આધુનિક યુગમાં જ્ઞાનનો વધારો જે રીતે થઈ રહ્યો છે તેને ધ્યાને લઈને જ્ઞાન વિષયક અદ્યતન માહિતી વિદ્યાર્થીઓને મળી રહે તે અત્યંત અનિવાર્ય છે, તેને રાજ્ય સરકારે પ્રાધાન્ય આપ્યું છે અને સાથે સાથે કાગળની કિંમતમાં પણ નોંધપાત્ર વધારો થવાથી પાઠ્ય પુસ્તકની કિંમતમાં ભાવ વધારો કરવો પડ્યો છે. તેમણે ઉમેર્યું કે, પાઠ્ય પુસ્તક મંડળ એ નહીં નફો નહીં ખોટના ધોરણે ચાલતી સંસ્થા છે એટલે વાજબી ભાવે પુસ્તકો પૂરા પાડવા સંકલ્પબદ્ધ છે. મંત્રીશ્રીએ કહ્યું કે, વર્ષ ૨૦૦૪માં ધોરણ-૮ના પાઠ્યપુસ્તકો તૈયાર કરાયા તે સમયે કાગળનો ભાવ પ્રતિ મેટ્રિકટન રૂ. ૨૭,૨૫૦ હતો જેની સામે વર્ષ ૨૦૧૨માં કાગળનો ભાવ પ્રતિ મેટ્રિકટન રૂ. ૩૯,૦૭૯ થયો છે. એટલે કે ૪૩ ટકા જેટલો ભાવ વધારો માત્ર કાગળમાં જ થયો. આ પ્રમાણે કવર પેપરનો ભાવ વર્ષ ૨૦૦૪માં પ્રતિ મે. ટન રૂ. ૨૯,૩૦૦ હતો જેની સામે વર્ષ ૨૦૧૨માં પ્રતિ મે. ટ. રૂ. ૪૫,૪૩૭ જેટલો થતાં ૫૫ ટકા જેટલો વધારો થયો છે. મંડળ દ્વારા ધોરણઃ૮ના પાઠ્યપુસ્તકો વર્ષ ૨૦૦૪માં પ્રસિદ્ધ કર્યા બાદ કિંમતમાં કોઈ વધારો કરાયો નથી. પરંતુ પ્રિન્ટીંગ પેપરમાં તેમજ પ્રિન્ટીંગ ખર્ચમાં દર વર્ષે વધારો થતો રહે છે. નવા પુસ્તકોમાં કાગળ પણ ઉચ્ચ ગુણવત્તાવાળો વાપરવામાં આવ્યો છે. આ ઉપરાંત પુસ્તકોની સાઈઝમાં વધારો કરાયોછે તેમજ પાઠ્યપુસ્તકોનું પ્રિન્ટીંગ પણ ૪ કલરમાં કરાયું છે.

ગુજરાતના વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ મળી રહે તેવો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ કહ્યું કે, ભણતરનો ભાર ન રહે તે હેતુસર સેમેસ્ટર પદ્ધતિમાં પુસ્તકોનું વિભાજન કરાયું છે જેથી ટાઈટલ પ્રિન્ટીંગ જેવી બાબતોમાં સ્વાભાવિક રીતે ખર્ચ બેવડાયો છે. કેટલાંક લઘુમતિ માધ્યમો જેવા કે સંસ્કૃત, ઉર્દૂ, સીંધી, પાઠ્ય પુસ્તકોની પડતર કિંમત ઘણી ઊંચી આવે છે જેના કારણે વધારાનો ખર્ચ મંડળ ભોગવે છે. વિદ્યાર્થીઓના લાભાર્થે પાઠ્ય પુસ્તકોની અભ્યાસ સામગ્રીમાં જ્ઞાન વિષયક માહિતીનો પ્રચુર માત્રમાં વધારો કરાયો છે. જેથી વિદ્યાર્થીને ટ્યુશન કે શિક્ષણની વિશેષ બ્રાહ્ય સામગ્રીની જરૂરિયાત રહે નહીં. મલ્ટીકલર પ્રિન્ટીંગ માટે કાગળની ઉંચી ગુણવત્તા, સાઈઝમાં વધારો, ક્ષતિ રહિત પુસ્તક માટે વિશેષ પરામર્શ તથા નિષ્ણાતોનો સહયોગ, વિવરણાત્મકને બદલે આસાનીથી સમજી શકાય તેવી વાહકશૈલીમાં લખાણ જેવા વિવિધ કારણોસર પુસ્તકોની પડતર કિંમતમાં વધારો થયો છે. પાઠ્યપુસ્તકોનો અભ્યાસક્રમ બદલાય ત્યારે જે કિંમત નક્કી કરવામાં આવે તે કિંમત નવા અભ્યાસક્રમ મુજબ પાઠ્ય પુસ્તકો પ્રસિદ્ધ થાય તેટલા સમયગાળા માટે જૂની કિંમત મુજબ પાઠ્યપુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવે છે અને કિંમતમાં કોઈ વધારો કરવામાં આવતો નથી અને નવા અભ્યાસક્રમ મુજબના પાઠ્ય પુસ્તકો પ્રસિદ્ધ કરવામાં આવે ત્યારે તેની નવી કિંમત નક્કી કરવામાં આવે છે ત્યાં સુધી જુની કિંમત મુજબના પાઠ્ય પુસ્તકો અમલમાં રહેશે એમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

## રવિવારનો રમૂજ થાળ

અજિત લગ્ન માટે એક યુવતિને જોવા ગયો. યુવતિ સાથે વાત કરતાં અજિતે પ્રથમ સવાલ પૂછ્યો, 'તમને રસોઆ બનાવતાં આવડે છે ?'

યુવતિએ જવાબ આપતાં કહ્યું, 'આપણે દરેક સમસ્યાના ઉકેલ માટે ક્રમબદ્ધ ચાલવું જોઈએ. રસોઈ બનાવવાનો પ્રશ્ન પ્રથમ નથી.'

અજિતે મૂંઝાતાં પ્રશ્ન પૂછ્યો, 'તો પછી પહેલો સવાલ કયો ગણવો ?'

'શું તમે રસોઈનો સામાન ખરીદવા માટે કાંઈ કમાઈ શકો છો ?' યુવતિએ પૂછ્યું.

★ ★ ★ ★ ★

શીલા એની બહેનપણી ચંપાને ઘેર ગઈ. ત્યાં તેણે જોયું તો ચંપાના છ મહિનાના છોકરાને માળિયામાં સૂવડાવ્યો હતો. શીલાએ નવાઈ પામતાં કારણ પૂછ્યું. ચંપાએ જવાબમાં કહ્યું, 'શું કરું ? રસોઈ કરતી વખતે બાબો પલંગ ઉપરથી પડી જતો ત્યારે અવાજ નહોતો આવતો. એટલે માળિયામાં સૂવરાવ્યો છે, જેથી પડી જાય તો તરત ખબર તો પડે ને !'

★ ★ ★ ★ ★

ચંપકે પત્ની સરલાને ઘરનો હિસાબ લખવાનું સમજાવી દીધું હતું. મહિનાના અંતે ચંપક હિસાબની કૉપી જોવા બેઠો. તો કૉપીમાં ઘણી જગ્યાએ 'રા.જા. ૫૦ રૂા., રા.જા. ૧૦૦ રૂા.' એવું લખેલું હતું. અંતે ચંપકથી ન રહેવાયું, તેણે પત્નીને પૂછ્યું : આ રા.જા.નો અર્થ શું થાય ? સરલાએ સહજતાથી કહ્યું, 'રા.જા.નો અર્થ છે રામ જાણે !'

★ ★ ★ ★ ★

સિનેમાનો ડોરકીપર દાંતમાં દુખાવો થતાં ડૉક્ટર પાસે ગયો, 'ડૉક્ટર સાહેબ, દાંત બહુ દુખે છે.'

ડૉક્ટર : મોં પહોળું કરો જોઉં, કયો દાંત દુખે છે ?

ડોરકીપર : બાલ્કનીમાં ડાબેથી ત્રીજો.

★ ★ ★ ★ ★

એક સ્ત્રી એક દિવસ કૂવા આગળ પાણી ભરવા ગઈ. કૂવામાં એણે પોતાનો પડછાયો જોયો. એ જોઈને તે ગભરાઈ ગઈ અને દોડતી દોડતી ઘરે પાછી આવી. એણે એના પતિને કહ્યું : 'કૂવામાં કોઈ ચોર હોય એમ લાગે છે.' પત્નીને લઈ પતિ કૂવા આગળ આવ્યો અને અંદર ડોકાઈને જોયું તો કૂવામાં એને બે પડછાયા દેખાયા. એ જોઈને પતિ બોલ્યો, 'ચોર એકલો નથી જણાતો. એની પત્ની પણ સાથે જ લાગે છે.'

★ ★ ★ ★ ★

નર્કમાં રહેલા લોકોમાંતી કેટલાક લોકો દિવાલ તોડીને સ્વર્ગમાં પહોંચી ગયા. સ્વર્ગના મેનેજરે નર્કના મેનેજરને ચેતવણી આપી, 'તમારા લોકોને સીધી રીતે પાછા બોલાવી લ્યો, નહીંતર હું કેસ કરીશ.' નર્કના મેનેજરે ઠંડા દિલે જવાબ આપ્યો, 'કરો. શોખથી કેસ કરો. પણ યાદ રાખજો, અમારે ત્યાં વકીલોની કમી નથી.'

★ ★ ★ ★ ★

શિયાળાની ફૂલગુલાબી સવારે બે પાગલો પરસ્પર ફિલસૂફીના અંદાજમાં વાતો કરતા હતા. એક બોલ્યો, 'એક ને એક દિવસે દરેકે મરવાનું છે. શું એ વાત ખરી છે ?' બીજો બોલ્યો, 'હા.'

પ્રતિપ્રશ્ન કરતાં પહેલાએ પૂછ્યું, 'હું વિચારું છું કે જે વ્યક્તિ છેલ્લે મરશે એને સ્મશાને કોણ લઈ જશે ?'

★ ★ ★ ★ ★

એક સામાન્ય સ્થિતિના માબાપની યુવાન પુત્રીએ પોતાના માટે એક ઘણો શ્રીમંત માણસ શોધી કાઢ્યો હતો. એની માએ એને કહ્યું, 'મને લાગે છે દીકરી, કે આપણા જેવા કોઈ સામાન્ય સ્થિતિના માણસને જ તેં પસંદ કર્યો હોત તો તારા માટે વધારે સારું રહેત.'

દીકરી : મા, તું એની ચિંતા ન કર. લગ્ન પછી થોડા મહિનામાં જ હું એ માણસને સામાન્ય સ્થિતિ પર લાવી મૂકીશ.

★ ★ ★ ★ ★

બે મિત્રો આપસમાં વાતચીત કરતા હતા. એકે કહ્યું, 'યાર, ગઈકાલે મારી પત્નીએ એક સ્વપ્ન જોયું કે એનાં લગ્ન એક લખપતિની સાથે થયાં છે.' 'તું નસીબદાર છે.' બીજા મિત્રે કહ્યું.

'એ કઈ રીતે ?' 'એટલા માટે કે મારી પત્ની તો આ પ્રકારનાં સ્વપ્નો દિવસ દરમ્યાન જોયા કરે છે.'

★ ★ ★ ★ ★

ફોટોગ્રાફરે સૂચના આપી કે, પત્ની તેનતા પતિ સાથે ખભા ઉપર હાથ રાખીને ઊભી રહે, જેથી ફોટો સ્વાભાવિક આવે.

પતિએ કહ્યું : 'મારા ખભા પર હાથ રાખવા કરતાં તે મારા ખિસ્સા પર હાથ રાખશે તો ફોટો વધુ સ્વાભાવિક આવશે.'

★ ★ ★ ★ ★

ટાઈમપાસ માટે પાર્કમાં બેઠેલા નંદુલાલે બાજુમાં બેઠેલા મગનલાલને પૂછ્યું, 'તમારી પાસે માચીસ હોય તો આપોને !'

મગનલાલે નમ્રતાપૂર્વક કહ્યું, 'જી નથી. લાઈટર છે, આપું ?'

નંદુલાલ કહે, 'ના, રહેવા દો.'

મગનલાલે આગ્રહ કરતાં કહ્યું, 'અરે લો, માચીસ હોય કે લાઈટર, શું ફેર પડે છે ?'

નંદુલાલે ચિડાતાં કહ્યું, 'ભાઈસાહેબ, હું લાઈટરથી દાંત તો નહીં ખોતરી શકું !'

# પાણી, હવા, ઉર્જા અને જમીનનો સલામત ઉપયોગ કરીએ

યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરીકામાં વધતી જતી ઔદ્યોગિક પ્રવૃત્તિઓથી ફેલાતી વાસ અને ઓકાતા વાયુઓ વર્ષ ૧૯૭૦ના સમયગાળા સુધી અમેરીકા દેશની સમૃદ્ધિની ઓળખ ગણાતી હતી. વાસ્તવમાં લોકો આ દૂર્ગંધ યુક્ત વાસથી ત્રાસી રહ્યા હતા. લોકો શ્વાસોચ્છ્‌વાસ ગૂંગણામણ અનુભવવા લાગ્યા હતા. એક પ્રકારનો અજંપો લોકોમાં ફેલાતો હતો. આ દૂષિત હવાની બાબત રાષ્ટ્રીય મુદ્દો ગણીને રાજકીય તંત્ર જાગૃત થાય તેવું અમેરીકાના તત્કાલિન સેનેટર ગેલૉર્ડ નેલશનની સમજમાં આવ્યું. આ દૂષિત હવા સામે વ્યાપક લોકજાગૃતિ માટે તારીખ ૨૨મી એપ્રિલના રોજ રાષ્ટ્રીય સ્તરે દેખાવો યોજવા આહ્‌વાન આપ્યું હતું. સૌના આશ્ચર્ય વચ્ચે રાષ્ટ્રીય પક્ષોના તમામ કાર્યકરો, તવંગર અને ગરીબ નાગરિકો, બાળકો અને કિશોરો, યુવાનો અને પ્રૌઢ સૌ સાથે મળીને દરિયાકાંઠાઓથી લઈને જાહેર રસ્તાઓ પર માનવ સાંકળ રચીને અભૂતપૂર્વકના દેખાવોમાં સક્રિય ભાગ લીધો હતો. પરિણામ હવે અણધાર્યું નહોતું. સ્વચ્છ હવા, પાણી અને લુપ્ત થતા પશુ-પંખીઓ અને વનસ્પતિની પ્રજાતિઓનું રક્ષણ કરવા કાયદાઓ ઘડવા શાસક પક્ષને પડેલ ફરજો નીભાવી. ત્યારબાદ, દુનિયાભરમાં ખ્યાતિ પામેલ ઈપીએ-ઍન્વિરોન્મેન્ટ પ્રોટેક્સન એજન્સી નામની સંસ્થાની પણ રચના કરી. આ સંસ્થાના કડક મહોરાએ ઘણા પ્રદૂષિત પ્રકારના એકમોને કાળેક્રમે દેશવટો આપ્યો. આવા જોખમી એકમોએ ખાસ કરીને વિકાસશીલ દેશોમાં પગ પેસારો કરીને પ્રદૂષણના રાક્ષસને કુદરતી સંપત્તિ આરોગવા માટે મોકળાશ કરી આપી.



વર્ષ ૧૯૯૦માં આંતરરાષ્ટ્રીય કક્ષાએ પુનઃ ૨૨મી એપ્રિલના રોજ યોજાયેલ કાર્યક્રમમાં ૧૪૧ દેશોના ૨૦ કરોડ લોકો માટે વિશ્વ સ્તરે પર્યાવરણના મુદ્દાઓ ઊઠાવ્યા હતા. સરવાળે, ૧૯૯૨માં યુ.એન.-યુનાઈટેડ નેશન્સ -સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા રીયો-ડી-જનેરો ખાતે પૃથ્વી પરિષદ સંપન્ન થઈ અને વર્ષ ૨૦૦૦ના ધરતીદિન સુધીમાં ૧૮૪ દેશોમાં રચાયેલ આશરે ૫૦૦૦ પર્યાવરણવાદી જાુથો દ્વારા કાર્યક્રમો યોજ્યા હતા. સૌની કાજે સ્વચ્છ પર્યાવરણ માટે આ ઝુંબેશ હજી પણ ચાલુ જ છે...

### પૃથ્વી - સહિષ્ણુતાનું પ્રતિક

પૃથ્વીનો આશરે ઈકોતેર ટકા ભાગ જળ આચ્છાદીત છે. બ્રહ્માંડમાં ઓળખાયેલ ગ્રહો અને તારાઓ પૈકી માત્ર પૃથ્વી જ એક એવો ગ્રહ છે, જેની સપાટી પર પાણી પ્રવાહી સ્વ્રે ટકી શક્યું છે. પૃથ્વી પર પાણીનો વિપુલ જથ્થો હોવા છતાં, નદી, તળાવ, સરોવરો, કૂવા, વગેરે સ્ત્રોતોરુપે માત્ર એક જ ટકો પાણી પીવા લાયક ઉપલબ્ધ બને છે. મોટાભાગનો જળ જથ્થો થીજેલો છે અથવા દરિયા- સમૂદ્રોના ખારાપાણી સ્વ્રે સંગ્રહ થયો છે. સૂર્યમંડળના ગ્રહોમાં પૃથ્વી પાંચમો મોટો ગ્રહ છે, અને સૂર્યથી ત્રીજા સ્થાને દૂર છે. પૃથ્વીની નજીકના પડોશી ગ્રહો શુક્ર અને બુધ છે. પૃથ્વીના વિષુવવૃત્તનો ઘેરાવો આશરે ૨૪,૯૨૦ માઈલ છે. એટલે કે, જો તેત્રીસ મીલીયન અર્થાત્, ત્રણસો ત્રીસ લાખ લોકો એકબીજાનો હાથ પકડીને ઊભા રહે, ત્યારે પહેલી અને છેલ્લી વ્યક્તિનો હાથ ભેગો થાય ! આ માપ પૃથ્વીની ગોળાઈ દર્શાવે છે. પૃથ્વી પર જમીન પ્લેટોથી ઓળખાતા વિશાળકાય ટૂકડાઓમાં ફેલાયેલ છે. આ પ્લેટો હવે ખંડ તરીકે ઓળખાય છે. પૃથ્વીની જમીન નાના મોટા વિશાળ સાત ખંડોમાં વિભાજીત થયેલ છે. આ ખંડો સરકતા રહે છે. ધીમેધીમે એકબીજાને લગોલગ સરકવાની પ્રકિયા ભૂકંપનું પણ કારણ બને છે. એક અંદાજ મુજબ નભમંડળના તારામંડળોની રોજબરોજ એકાદ હજાર ટન રજકણો ઉલ્કાસ્વ્રે ધરતી પર ખરતી રહે છે. એવું કહી શકાય કે, ચીનના ગેબી રણની રજ અમેરીકા સુધી પહોંચી શકે છે.

### પ્રસંગસર
**- નરેશ ઠાકર**

પવન આ રેતકણને પૃથ્વી ફરતે ફેલાવે છે. આ રજોટીનું આવરણ ધરતી સહન કરી રહી છે. પૃથ્વીની જમીનના આશરે અગીયાર ટકા સપાટીનો ઉપયોગ વાવણી માટે થાય છે. આ વાવણી પૂર્વે ખેડાણનો ઘા ધરા ઝીલી રહી છે. અતિશય ઠંડા પ્રદેશ ઍન્ટાર્ટિકાની ઠંડી પણ આ અવની સહે છે, અને વિષુવવૃત્ત પ્રદેશની દાહક ગરમી પણ પૃથ્વી નભાવી લે છે. છતાં, કરોડો પ્રજાતિઓને ભેદભાવ વગર પોષણ અને આશ્રય આપતી આ પૃથ્વી સહિષ્ણુતાનું વાસ્તવિક પ્રતિક છે.

### ધરતી દિન ક્યારે ઉજવાય છે ?

તારીખ ૨૨મી એપ્રિલના રોજ અમેરિકા સહિત વિશ્વમાં ઘણા દેશો ધરતી દિન તરીકે ઉજવીને ધરાની માવજત માટે કટીબધ્ધ બની રહેવા કાર્યક્રમો યોજે છે. સામાન્યતઃ એપ્રિલ માસનો આ સમયગાળામાં શૈક્ષણિક સત્ર પૂર્ણતા આરે પહોંચે છે. ઉનાળાનો પ્રકોપ આસમાનેથી વર્ષે છે. આવા, સંજોગોમાં, અલબત્ત, ૨૨મી એપ્રિલની પહેલાં કે પછીના સપ્તાહિક રજાઓમાં પણ ઘણી સંસ્થાઓ દ્વારા અનુકૂળતા મુજબ કાર્યક્રમો યોજવામાં આવે છે.

### પૃથ્વીના સન્માનની સંસ્કૃતિ

ભારતીય સંસ્કૃતિમાં વાયુ, જળ, અગ્નિ, આકાશ અને પૃથ્વીને પંચ મહાભૂત તત્વો તરીકે ગણવામાં આવ્યા છે. આ પંચ તત્વોનો આદર, સન્માન અને પૂજનમાં જ પૃથ્વીના પર્યાવરણની માવજત અને જતન માટે વારસાગત મળેલ કટીબદ્ધતા પ્રતિબિંબિત થાય છે. ગરવી ગુજરાતમાં વિક્રમ સંવત વર્ષના માસ વૈશાખની ત્રીજના (અખાત્રીજ) દિવસે ધરતીજાયા-ખેડૂતો દ્વારા ખેતરમાં મા ધરાનું પૂજન કરવાનો જાુનો રીવાજ છે. ભારતીય સંસ્કૃતિમાં, પૃથ્વીના જતનનું પ્રતિબિંબ જોવા મળે છે.

ગામના મહાજનોની ઉપસ્થિતિમાં, આ ખેત-ખેડના કાર્યક્રમ સાથે ગામ-ખેતરના ચોક્કસ ટૂકડામાં, હળ ચલાવીને સપ્ત ધાનની વાવણી કરવામાં આવે છે. આ વાવણીના એક માસ પશ્ચાત્ બીજમાંથી ફૂટેલા અંકૂરોનો અનુભવીઓ દ્વારા તુલનાત્કમ અવલોકનો કરીને આવનાર ચોમાસામાં આ ગામના ખેતરોમાં ક્યા ધાનનો મોલ ફળદાયી નીવળશે, તેનો તાગ મેળવવાનીબાબત સંસ્મરણમાં રહી છે. ધરતી દિનની ઉજવણીના સ્થાનિક કાર્યક્રમોમાં સહભાગી બનીએ. ધરતીને સ્વચ્છ રાખવા આપણી કટીબદ્ધતા વ્યક્ત કરીએ.

### પૃથ્વી અને વનસૃષ્ટી

સંયુક્ત રાષ્ટ્રસંઘની પર્યાવરણીય બાબતો માટેની રચવામાં આવેલ અલાયદી સંસ્થા યુએનઈપી-યુનાઈટેડ નેશન્સ ઍન્વિરોન્મેન્ટ પ્રોગ્રામ્સ યુએનઈપીના ટૂંકા નામથી પ્રચલિત છે. પૃથ્વી પરની વન સૃષ્ટીની અમૂલ્ય સેવાને ધ્યાનમાં લઈને વનસૃષ્ટીના વિસ્તાર માટે આ સંસ્થાએ વર્ષ ૨૦૧૧ને આતંરરાષ્ટ્રિય વન વર્ષ તરીકે પણ ઉજવ્યું. વનસૃષ્ટિની બહુલક્ષી ભૂમિકાનો માનવજીવન શૈલી પર પ્રભાવ વિશેષ રહ્યો છે. વનસૃષ્ટિ ઘણાની આજીવિકાનો સ્ત્રોત છે. ઘણી સજીવ પ્રજાતિઓનું આશ્રય છે. વનસૃષ્ટિ વિના મૂલ્યે શુદ્ધ હવા અવિરતપણે તૈયાર કરતો કુદરતી ખજાનો છે. અંગારવાયુ ભક્ષ કરીને પ્રાણવાયુ આપે છે. વૈશ્વિક સ્તરે નીકળતા ગ્રીન-હાઉસ ગેસની વિપરીત અસર ખાળવા એક તરફ નિર્વનીકરણ થઈ રહ્યું છે, જ્યારે બીજી તરફ આ જ વનરાજીની સકાળજીથી માવજત કરવામાં આવે ત્યારે ૨૦ ટકા સુધી આવા વાયુને હજમ કરે છે. આ અણમોલ સંશોધન લાધતાં જ હવે, વનસૃષ્ટિ અને વન જતન વૈશ્વિક કાર્યક્રમો બન્યા છે અને આવકારવામાં પણ આવે છે. આ તબક્કે, જંગલોનું નિર્વનીકરણ અને પાંખા થતા વનોનો ભેદ સમજાવ્યો છે. વન આચ્છાદિત વિસ્તારોમાં વૃક્ષોની સંખ્યામાં ઘટાડાની પરિસ્થિતિને નિર્વનીકરણ કે ડિફોરેસ્ટેસન તરીકે ઓળખાય છે. વનકાષ્ટ - લાકડાનો ફાલી રહેલો વાણિજ્ય વપરાશ અને વનમાં ફાટી નીકળતા દવ(આગ) નિર્વનીકરણના ઉદાહરણ રૂપ કારણો છે. વનોનું અસ્થિત્વ ટકી રહે અને વનસંપત્તિનો વ્યવહારૂ વપરાશ પણ થતો રહે તેવી યોગ્ય વ્યવસ્થા ગોઠવવી શક્ય છે. આથી જ, વનાચ્છાદિત વિસ્તારોની સતત માવજત કરવાની સંભાળ લેવાની ખાતરી(ગેરન્ટી) મળે ત્યારે નિર્વનીકરણ થશે જ નહીં !!

બીજી તરફ, વનાચ્છાદિત વિસ્તારના ઘટાડાને બદલે વનોની ગુણવત્તામાં થતા ઘટાડાને કારણે જંગલો પાંખા થયા છે, કે ડિગ્રેડેસન થયું છે, તેમ ગણાય છે. ઉપલબ્ધ વનરાજીનું, વનસ્પતિના સ્તર કે પડનું, જમીનનું તેમજ વનસ્પતિ અને પશુસૃષ્ટિનું ટકી રહેલ અસ્તિત્વનું મોનીટરીંગ કરીને વનોની ગુણવત્તા અને તેની ઈકો-સિસ્ટમને આપણે નિહાળી શકીએ છીએ. વળી, બળતણ માટે વિણાતું લાકડું તેમજ કિટકો, જીવજંતુઓ અને ઉપદ્રવી જીવાતો પણ પાંખા થતા જંગલો (ડિગ્રેડેસન) માટેના કારણો તરીકે ઓળખાય છે. પર્યાવરણ અંગેની બધી જ સમસ્યાઓથી બચવા માટે પાણી, હવા, ઉર્જા અને જમીનનો સલામત ઉપયોગ કરીએ તથા બિનજરૂરી કચરાનું સર્જન ટાળીએ. એટલે કે બિન ઉપયોગી બનતી કે વાપરવાલાયક ન રહે તેવી ચીજવસ્તુઓને વસાવવાનું ઓછું કરીએ એ જ આ ધરતી દિવસનો સંદેશ. અસ્તુ.